**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

જીસીસીઆઇ/DYSGR2/ENV./૨૦૧૯-૨૦/૧૫૩૭

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૯

**શ્રી વિજયભાઇ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, ત્રીજો માળ, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષય : ૧. મુલાકાતનો સમય આપવા વિનંતી. ગુજરાત રાજ્યના ૭ ઔદ્યોગિક વસાહતોને ક્રીટીકલી પોલ્યુટેડ ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટર જાહેર થવાના અનુસંધાનમાં ચર્ચા-વિચારણા કરવા.**

**૨. મીનીસ્ટ્રી ઓફ એન્વાયર્મેન્ટ ફોરેસ્ટ એન્ડ ક્લાયમેટ ચેન્જને સદ્ધર તથા કાયદાકીય પ્રવૃત્તિને ચાલુ રખાવવા ભલામણ કરવા બાબત.**

**સંદર્ભઃ ૧. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (NGT)નો તા. ૨૩-૮-૨૦૧૯નો ઓર્ડર**
**૨. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (NGT)નો તા. ૧૦-૭-૨૦૧૯નો ઓર્ડર**
**૩. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (NGT)નો તા. ૧૩-૧૨-૨૦૧૮નો ઓર્ડર**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

આપની કુશળતા ઇચ્છુ છું !

આપશ્રીને વિદિત છે તે મુજબ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (NGT),નવી દિલ્હી દ્વારા ઓરીજીનલ એપ્લીકેશન નં.૧૦૩/૨૦૧૮ ના સંદર્ભમાં તા. ૧૦ જુલાઇ, ૨૦૧૯ના રોજ જે CEPI SCORE આધારિત આદેશ બહાર પાડવામાં આવ્યો હતો તે આદેશમાં જણાવ્યા પ્રમાણે દેશના ૩૮ ઈન્ડસ્ટ્રીયલ ક્લસ્ટરને ક્રીટીકલી પોલ્યુટેડ કેટેગરીમાં જાહેર કરવામાં આવેલ છે જેમાં ગુજરાત રાજયના નીચે જણાવેલ ૭ ઔદ્યોગિક વસાહતોનો સમાવેશ થાય છે.

| Sr. No. | Name of Critically Polluted Areas (CPAs) | Air | Water | Land | CEPI Score |
|---|---|---|---|---|---|
| 1 | Vadodara | 82.00 | 80.75 | 48.75 | 89.09 |
| 2 | Ankleshwar | 72.00 | 57.50 | 51.00 | 80.21 |
| 3 | Vapi | 66.00 | 75.00 | 30.00 | 79.95 |
| 4 | Surat | 46.00 | 68.25 | 56.00 | 76.43 |
| 5 | Vatva (Ahmedabad) | 57.00 | 66.00 | 25.50 | 70.94 |
| 6 | Rajkot | 51.75 | 61.50 | 45.75 | 70.62 |

| Sr. No. | Name of Severely Polluted Areas (SPAs) | Air | Water | Land | CEPI Score |
|---|---|---|---|---|---|
| 1 | Bhavnagar | 61.00 | 15.50 | 15.50 | 61.94 |

ઉપરોક્ત દર્શાવેલ CEPI SCORE ની વિસ્તૃત ગણતરીનો અહેવાલ નિયમાનુસાર જાહેર કરવામાં આવેલ નથી.

૧) સદર ઓર્ડરની મુખ્ય અસરો : આ હુકમથી તાત્કાલિક અને ભવિષ્યમાં ઉદ્યોગ જગત ઉપર થનાર ઇન્વેસ્ટમેન્ટ/રોજગારી/રિવન્યુ પર નીચે મુજબ અસર થવાની ધારણા છે.

| Sr. No. | Details | Figures | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | Ankleshwar & Panoli | Vatva-Narol | Surat | Vapi | Vadodara | Bhavnagar | Total |
| 1 | Industries to be affected (Nos.) | 966 | 600 | 225 | 274 | 300 | 200 | 2,565 |
| 2 | Expected Revenue Loss (Cr) | 16,400 | 15,000 | 10,000 | 4150 | 3,000 | 3,000 | 51,550 |
| 3 | New projects hold up in terms of Revenue and Employment (Nos.) | 325 | 100 | 50 | 134 | 25 | 125 | 759 |
| 4 | Expected Employment Loss (Nos.) | 21,000 | 20,000 | 2,00,000 | 14,500 | 8,000 | 8,500 | 2,72,000 |
| 5 | Expected Production Loss (MT/Month) | 55,000 | 40,000 | 1,00,000 | 1,00,000 | 11,500 | 6,000 | 3,12,500 |
| 6 | Employment Loss due to hold up of new industries (Nos.) | 7,000 | 50,000 | 25,000 | 8,000 | 2,000 | 4,000 | 96,000 |

૨) NGT ઓર્ડરનાં મુખ્ય આદેશો :

છ. RED તેમજ Orange category માં સમાવેશ થતા એકમોને જ્યાં સુધી CEPI અંક નીચે લાવવામાં ન આવે અથવા જે તે વિસ્તારની Carrying Capaity ચકાસવામાં ન આવે ત્યાં સુધી નવે એકમો કે વિસ્તરણ કરવા ઉપર પ્રતિબંધ પાઠવેલ છે. આમ છતાં જો નવા એકમો કે વિસ્તરણ માટે હાલની "Carrying Capacity Viable"થેય તો પરવાનગી આપી શકાય.

જ. CPCB એ ત્રણ માસમાં એટલે કે તા. ૯-૧૦-૨૦૧૯ પહેલાં જે તે સ્ટેટ બોર્ડ સાથે સંકલન કરી Polluting Activity બંધ કરવા પગલા લેવા અને Polluting એકમો પાસેથી દંડકીય રકમ વસુલવી, NGT દ્વારા સામાન્ય રીતે વધુ એકમો માટે ૨૫ લાખ, મધ્યમ એકમો માટે ૫૦ લાખ, અને મોટા એકમો પાસેથી ૧ કરોડ જેવી રકમ "Interim Compensation" તરીકે લેવા સુચવેલ છે

આ તમામ પ્રકિયા નક્કી કરવા માટે CPCB ધ્વારા નક્કી કરેલ આદેશો, ટેકનીકલ અને વૈજ્ઞાનિક વિગતો, જે તે સંસ્થાઓ ધ્વારા NGTના અગાઉના ૧૩.૧૨.૨૦૧૮ના હુકમમાં દર્શાવેલ છતાં અપુરતી કામગીરી થવા બાબતો, તેમજ MoEF&CC/CPCB/GPCB ના સંકલનના અભાવે ઉદ્યોગ જગત પર થયેલ વ્યાપક અસર ની બાબતો આપનાં ધ્યાને લાવવા માંગીએ છીએ.

ઝ. અગાઉ સન ૨૦૧૦ થી ૨૦૧૬ માં રાજ્યની ૬ GIDC ને Critically Polluted Area જાહેર કરેલ પરંતુ CEPI ની ગણતરીમાં થયેલ ભૂલો અને રાજ્યનાં ઉદ્યોગ જગતમાંથી થયેલ રજુઆતો ને ધ્યાને લઈ CPCB ધ્વારા Water Act, ૧૯૭૪ અને Air Act, ૧૯૮૧ ની ૧૮(૧)B કલમ અતર્ગત આદેશાત્મક નિયમોનુસાર CEPI ગણતરી કરવા તેમજ "Critically Polluted Area" જાહેર કરવા કાર્યપ્રણાલી બનાવેલ છે જેમાંની કેટલીક જોગવાઈઓ નીચે મુજબ છે.

- ભવિષ્યમાં CEPIની ગણતરી " Revised CEPI ૨૦૧૬ " મુજબ જ ગણવાની રેહશે.
- CEPI અંક ગણવા માટે વિગતો જેવી કે "Polluting Source" અને હવામાન ની ગુણવતા વેબ સાઈટ ધ્વારા "Public Domain" માં મુકવાની રહશે.
- CPCB દ્વારા યોગ્ય Action Plan બનાવી તેનું અમલીકરણ કરવા જરૂરી સમય આપ્યા પછી જ નવા એકમો તેમજ હયાત એકમોના વિસ્તરણ ઉપર પ્રતિબધ મુકવો.
- સ્ટેટ બોર્ડ ધ્વારા અસરગ્રસ્ત વિસ્તાર નક્કી કરવા જાહેરનામું પ્રકાશિત કરવું.

- CEPI અંક અગે પ્રાથમિક અહેવાલ આવ્યા પછી એક વર્ષની નોટીસ પીરીયડ આપ્યા પછી જ નવા એકમો સ્થાપવા કે વિસ્તરણ કરવા ઉપર પ્રતિબધ બજાવવો.

ખુબ જ દુઃખ સાથે આપનું ધ્યાન દોરવાનું કે CPCB દ્વારા તા. ૨૬/૦૪/૨૦૧૬નાં રોજ જે-તે રાજયના પ્રદુષણ નિયંત્રણ બોર્ડને Directions u/s 18(1)B of the Water Act, ૧૯૭૪ અને Air Act, ૧૯૮૧ હેઠળ બનાવેલ જોગવાઈઓનો અમલ કરવામાં આવેલ નથી કે નામદાર NGTનું પણ આ Directions બાબતે ધ્યાન દોરવામાં આવેલ તેમ જણાતું નથી. આ બાબત CPCB દ્વારા કરવામાં આવેલ Review Application માં પણ ફલિત થાય છે.

- મોટા ભાગના કિસ્સામાં CEPI અંકની ગણતરી કરવા માટે GPCB તેમજ CPCB દ્વારા નક્કી કરેલ પેરામીટર બદલી નાખવામાં આવેલ છે.
- ન્યાયના સિદ્ધાંત મુજબ, નિયમોનુસાર CEPI અંકનો " Warning Tool" તરીકે ઉપયોગ થયેલ નથી.
- મળેલ માહિતી મુજબ, MoEF&CC દ્વારા CEPI અંકનું વિસ્તૃત વિશ્લેષણ થઇ રહેલ હતું અને કેટલાંક સૂચનો પણ કરવામાં આવેલ તેમ છતાં CEPI અંક જાહેર થઇ ગયેલ છે.
- અગાઉ જાહેર થયેલ મોરેટોરિયમ દરમિયાન મોટા ભાગ ના એકમોએ પોતાના Environment Management Systemમાં ઘણા સુધારા કરેલ છે તેમજ મોટા ભાગના એસ્ટેટમા કરોડો રૂપિયાનો ખર્ચ કરી કોમન પર્યાવરણીય સુવિધાઓ ઊભી કરેલ છે પરંતુ આ બાબતની નોંધ પણ લેવામાં આવેલ નથી તેમજ તેની કાર્યદક્ષતાની પુરતી માહિતીના અભાવે "INADEQUATE" કક્ષામાં મુકી CEPI ની ગણતરીમા ભૂલો થયેલ હોવાનું નોંધવામાં આવેલ છે.
- હવા-પ્રદુષણની ગણતરી માપવા માટે નક્કી કરવામાં આવેલ ઘટકો જેવા કે PM10, PM2.5 માટે ફક્ત ઉદ્યોગોને જ જવાબદાર ઠેરવેલ છે જયારે સાચા અર્થમાં આ ઘટકોના વધતા પ્રમાણ માટે એસ્ટેટમાં અવર-જવર કરતા વાહનો તેમજ નેશનલ હાઇવે પરથી પસાર થતા વાહનો, બાંધકામની પ્રવૃત્તિઓ તેમજ અન્ય ઘન કચરાના સળગાવવાને કારણે થતા હવા પ્રદુષણને ધ્યાને લેવામાં આવી નથી.
- પાણી પ્રદુષણમાં નક્કી કરેલ ઘટકો માટે પણ ફક્ત ઉદ્યોગો જવાબદાર નથી પરંતુ Domestic પાણીમાં પણ ઘણા પ્રકારનાં પ્રદુષકો જોવા મળે છે જે વૈજ્ઞાનિક ધાબે પુરવાર થઇ શકે છે. જે ધ્યાનમાં લેવામાં આવેલ નથી.
- અમારી જાણ મુજબ લીધેલ નમુનાઓનું Sampling અને Analysis કલકત્તા ખાતે આવેલ NABL Accredited Labroatroy દ્વારા કરવામાં આવેલ છે પરંતુ ગુજરાતનાં જે-તે સ્થળેથી આ નમૂનાઓ કલકત્તા પહોચાડવા ૨૪ કલાક ઉપરાંતનો સમય થઇ શકે છે જેથી તેનાં વૈજ્ઞાનિક દ્રષ્ટિએ તેના પરિણામો શંકાસ્પદ છે કારણ કે કેટલાક ઘટકો ૨૪ કલાક બાદ Analysis કરતા તેમાં Deviation થવાની શક્યતા છે.

## ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલ પગલાઃ

સદર હુકમના અનુસંધાને બોર્ડ દ્વારા નીચેના પગલાઓ તાત્કાલિક અસરથી લેવાઈ રહેલ છે.

- પ્રાદેશિક કચેરીઓ દ્વારા નવી CTE તેમજ હયાત ઉદ્યોગના વિસ્તરણની અરજીઓ કરવામાં આવે તો તે પ્રોસેસ કરવામાં આવતી નથી પરંતુ નામદાર NGT નાં હુકમનો આધાર લઇ અરજીઓ ડીલીટ કરવા જણાવવામાં આવે છે
- જે એકમોની અરજીઓ પ્રોસેસમાં હતી તેવી અરજીઓ નામદાર NGT નાં હુકમનો ઉલ્લેખ કરી Reject કરવામાં આવે છે.
- તે જ પ્રમાણે Environment Clearance માટેની અરજીઓ પણ પ્રોસેસ કરવામાં આવતી નથી
- વડોદરા તેમજ સુરત વિસ્તારમાં Critically Polluted Area ની ચોખવટ ન હોઈ વડોદરા તેમજ સુરત જીલ્લાની તમામ એકમોની અરજીઓ નામંજૂર કરતા હોવાનું ધ્યાને આવેલ છે.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના ઓન-લાઈન પોર્ટલ GPCB-XGN મુજબ તા. ૧૦/૦૭/૨૦૧૯થી ૩૧/૦૮/૨૦૧૯ સુધી મળેલ કુલ ૮૮૨ અરજીઓમાંથી ૪૨૧ અરજીઓ મોટા ભાગે નામદાર NGT નાં હુકમનો આધાર લઇ નામંજૂર કરેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| SR. NO. | APPLICATION TYPE | NOS. |
|---|---|---|
| 1) | Application for CTE/CTE Amendment | 288 |
| 2) | Application for CC&A/CC&A Amendment/Renewal | 506 |
| 3) | Application for EC | 88 |
| | **Total Application (1 + 2 + 3)** | 882 |
| 4) | Total Nos. of application granted | 461 |
| 5) | Total Nos. of application rejected | 421 |

ઉલ્લેખનીય છે કે નામદાર NGT નાં તા. ૨૩.૦૮.૨૦૧૯ના હુકમમાં MoEF&CC ને નવા એકમો તેમજ હયાત એકમોના વિસ્તરણ માટે યોગ્ય યોજના બનાવવા આદેશ આપેલ છે આમ છતાં આજ દિન સુધી કોઈ પણ કાર્યવાહી થવાનું ધ્યાને આવેલ નથી.

આપશ્રીને આ પત્ર સાથે વિનંતી છે કે રાજ્યનો ઔદ્યોગિક વિકાસ ના રુંધાય તથા મીનીસ્ટ્રી ઓફ એન્વાયર્મેન્ટ ફોરેસ્ટ એન્ડ ક્લાયમેટ ચેન્જને સદ્ધર તથા કાયદાકીય પ્રવૃત્તિને ચાલુ રખાવવા અમારી નીચે મુજબની જે ભલામણ છે તે આપશ્રીને આપના પ્રયત્નથી આગળ ધપાવવા વિનંતી છે.

૩. સુસંગત ઉદ્યોગોને સંમતિ આપેલ પ્રોડક્ટ તથા હાલમાં ચાલુ રહેલ ઔદ્યોગિક એકમોને વિસ્તૃતિકરણ તથા નવા પ્રોડક્ટને પરવાનગી આપવા સૂચનો. નિગમ દ્વારા નીચે જણાવેલ મુદ્દા પ્રમાણે ઔદ્યોગિક એકમોને સુસંગત જાહેર કરવા જોઇએ.

- જે તે ઔદ્યોગિક એકમનો છેલ્લા ત્રણ વર્ષનો CCC&A શરતોનું પાલન કરે તેવા એકમો.
- જે તે એકમો ક્લીન એનર્જી ફ્યુઅલ વાપરતા હોય તેવા એકમો.
- જે તે એકમો હેઝાર્ડસ વેસ્ટ મેનેજમેન્ટ ૨૦૧૬નું પાલન કરતાં હોય તેવા એકમો.
- એવા ઔદ્યોગિક વસાહતો જેમાં માળખાકીય સુવિધા જેવી કે CETP, TSDF, CHWIF, Commen MEE, Commen Spray Dryer પર્યાપ્ત પ્રમાણમાં હોય તેવા.
- જે તે ઔદ્યોગિક એકમો જેમાં એન્વાયર્મેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમનો અસરકારક અમલ થતો હોય તેવા.
- એવા એકમો જેમાં પ્રદુષણ ઘટાડવાના પગલાં લેવામાં આવતા હોય.
- જે એકમોને EC માન્ય થયેલા એકમોની અરજી CC & A માટે માન્ય ઠરાવવું. કારણ કે EC મેળવનાર એકમો દ્વારા વિસ્તૃત ટેકનીકલ એસેસમેન્ટ કરવામાં આવેલ હોય જ છે.
- ઓરેન્જ કેટેગરીમાં આવનાર એકમો કે જે એન્વાયર્મેન્ટલ મેનેજમેન્ટ સીસ્ટમોનું પાલન કરતાં હોય તેવાને વિસ્તૃતીકરણ તથા નવા પ્રોડક્ટ ચાલુ કરવાની પરવાનગી આપવી જોઇએ.

૪. અસુસંગત થયેલા ઔદ્યોગિક એકમોને વિસ્તૃતિકરણ તથા નવા પ્રોડક્ટ સામેલ કરવા માટેનાં સૂચનો :

- પાછલા ત્રણ વર્ષમાં જે એકમોને રાજ્યના પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ અથવા PCC દ્વારા ક્લોઝર નોટીસ આપવામાં આવેલ હોય અને જેને રીવોકેશન આવી ગયા હોય. આવા અરજદારની અરજી કોમ્પ્લાયન સર્ટિફીકેટ અથવા એડીક્વેસી સર્ટિફીકેટ શિડયુલ-૧ અથવા ૨ ઓડીટર દ્વારા આપવામાં આવેલ હોય તેવાની અરજી મંજુર કરવી.
- એવા એકમો કે જેણે EC ક્લીયરન્સ મળી ગયું હોય. તેવા એકમોને CCA આપવા ભલામણ થવી જોઇએ.
- જે એકમો દ્વારા કુલ ઉલ્લંઘન થાય છે તેવા એકમો પાસે યોગ્ય બેન્ક ગેરન્ટી લેવી.

વધુમાં આપશ્રીને મીનીસ્ટ્રી ઓફ એન્વાયર્મેન્ટ ફોરેસ્ટ એન્ડ ક્લાયમેન્ટ ચેન્જને રાજયના પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ અને PCC જોડે મળી પારદર્શક રીતે CEPI ઇન્ડેક્સની ફેરમાપણી કરવા રજૂઆત કરવા વિનંતી છે.

આપના સહકારની અપેક્ષા સહ,

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**

**નકલ રવાના :**

૧. **શ્રી જયદ્રથસિંહ પરમાર**
માનનીય રાજ્ય કક્ષાના મંત્રી શ્રી
વન અનેપર્યાવરણ વિભાગ
સ્વર્ણિમ સંકુલ-૨, ત્રીજો માળ,
સચિવાલય, સેક્ટર-૧૦,
ગાંધીનગર-૩૮૦ ૦૧૦.

૨. **શ્રી જે. એન. સિંગ, IAS,**
ચીફ સેક્રેટરીશ્રી, બ્લોક નં.૫,
ત્રીજો માળ, નવા સચિવાલય,
ગાંધીનગર.